ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રાજ્યસભામાં જિલ્લાના ત્રણ આગેવાનોએ રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યુ છે

**રાજ્યસભામાં અત્યાર સુધીમાં ૧૨ મહિલાઓ ચૂંટાઈ છે, જિલ્લાના હિંમતસિંહજી ઓફ માણસા, શંકરસિંહ વાઘેલા અને અમીત શાહ રાજ્યસભામાં ગયા છે**

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ત્રણેય ઉમેદવારો બિનહરિફ વિજેતા જાહેર થયા છે. રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણીની તવારીખી આમ તો રોચકભરી રહી છે.

રાજ્યસભામાં ગુજરાતે અત્યાર સુધી ૧૦૦ જેટલા સભ્યોને ચૂંટણીને મોકલ્યા છે. રાજ્યસભામાં ગુજરાતના સભ્યોની સંખ્યા ૧૧ છે.

રાજ્યસભામાં ગાંધીનગર જિલ્લાના ત્રણ વતનીઓ અત્યાર સુધીમાં પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. જેમાં હિંમતસિંહજી ઓફ માણસા, શંકરસિંહ વાઘેલા અને અમીતભાઈ શાહનો સમાવેશ થાય છે.

રાજ્યસભામાં શંકરસિંહ વાઘેલા સૌથી વધુ મતો સાથે વિજયી થયા હતા. તો રાજ્યસભામાં આ પછી આનંદીબેન પટેલ અને કનકસિંહ માંગરોલા પણ મોટી સરસાઈ મેળવી વિજેતા થયાની ઘટનાઓ છે.

**સમયસર**
**- પ્રકાશ જહા**

અમીતભાઈ શાહ રાજ્યસભાના સાંસદ તરીકે લોકસભા ગાંધીનગર બેઠક પરથી લડ્યા હતા અને પાંચ લાખથી પણ વધુ મતની સરસાઈથી વિજેતા થતાં રાજ્યસભામાંથી રાજીનામુ આપ્યુ હતુ. રાજ્યસભામાંથી લોકસભામાં વિજયી થનાર સ્મૃતિ ઈરાનીએ પણ રાજ્યસભામાંથી રાજીનામુ આપ્યુ હતુ.

રાજ્યસભામાં ગુજરાતમાંથી અત્યાર સુધી બે સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નિમણુંક પામ્યા છે. જેમાં સ્વ. ઉમાશંકર જોશી અને સ્વ. ઈલાબેન ભટ્ટનો સમાવેશ થાય છે.

રાજ્યસભામાંથી રાજીનામુ આપી રાજ્યના રાજકારણમાં આવેલા સભ્યોમાં સ્વ. ઘનશ્યામભાઈ ઓઝા, આનંદીબેન પટેલનો સમાવેશ થાય છે.

આનંદીબેન પટેલ ૧૯-૩-૯૮માં રાજ્યસભામાંથી રાજીનામુ આપ્યુ હતુ. તેઓ માંડલ વિધાનસભા બેઠક પરથી વિજયી થયા હતા અને પછી રાજ્યના રાજકારણમાં વધુ સક્રિય થયા હતા.

કોંગ્રેસના અમહદ પટેલ રાજ્યસભામાં પાંચ વખત વિજયી થયા છે. જે આજે પણ વિક્રમ છે. રાજ્યસભામાં પૂર્વ કેન્દ્રીય નાણાંમંત્રી સ્વ. અરૂણ જેટલી ગુજરાતનું ત્રણ ટર્મ પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. વર્તમાન કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા પણ ત્રીજી ટર્મમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર સ્વ. પ્રણવ મુખરજી દેશના રાષ્ટ્રપતિપદે પણ સેવાઓ આપી હતી.

રાજ્યસભામાં બે વખત પ્રતિનિધિત્વ કરનારાઓમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકી, કુમુદબેન જોશી, સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ, ખેમચંદ ચાવડા, ડાહ્યાભાઈ પટેલ, જયસુખલાલ હાથી, ત્રિભોવનદાસ પટેલ, અલકાબેન ક્ષત્રિય, સ્વ. ચીમનભાઈ મહેતા, સ્મૃતિ ઈરાની, રામસિંહ રાઠવાનો પણ સમાવેશ થાય છે.

રાજ્યસભામાં ગુજરાતમાંથી પ્રતિનિધિત્વ કરનારાઓમાં વિરેન શાહ, જનાકૃષ્ણમૂર્તિ, લક્ષ્મણ બાંગારૂ, પી. શિવશંકર, મહિપતરાય મહેતા, યોગેન્દ્ર મકવાણા, પીલુ મોદી, મણિબેન વલ્લભભાઈ પટેલનો સમાવેશ થાય છે. રાજ્યસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ ૧૨ મહિલા સભ્યોએ પણ કર્યુ છે.

# ગુજરાત રાજ્યસભાની ચૂંટણીમાં ત્રણેય ઉમેદવાર બિન હરીફ

**સંસદના ચોમાસુ સત્રમાં ત્રણ સાંસદ શપથ લેશે : વિદેશમંત્રી એસ.જયશંકર, કેસરીદેવસિંહ ઝાલા અને બાબુભાઈ દેસાઈ પણ બિનહરિફ ચૂંટાઈ આવ્યા**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજ્યસભાની ચૂંટણીને લઈને ભાજપના ત્રણેય ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે. અહીં રાજ્યસભા ઉમેદવાર તરીકે ઊભા રહેલા વિદેશમંત્રી એસ.જયશંકર ફરી એકવાર રાજ્યસભા ઉમેદવાર તરીકે બિનહરિફ ચૂંટાયા છે. જ્યારે તેમની સાથે અન્ય બે ભાજપ ઉમેદવારો કેસરીદેવ સિંહ ઝાલા અને બાબુભાઈ દેસાઈ પણ બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. ૨૦ જુલાઈથી શરૂ થનારા સત્રમાં આ ત્રણેય સાંસદની શપથવિધિ થશે. કોંગ્રેસમાંથી આ વખતે એક પણ ફોર્મ ભરવામાં આવ્યા ન હતા.

ગુજરાતની રાજ્યસભાની ત્રણ બેઠકો માટેની ચૂંટણી ૨૪ જુલાઈએ યોજાવાની હતી. પરંતુ હવે ત્રણેય ઉમેદવારો બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. કેસરીસિંહ ઝાલાના પિતા દિગ્વિજયસિંહ કોંગ્રેસની સરકારમા ભારતના પ્રથમ પર્યાવરણ મંત્રી હતા. તેઓ



મુંબઈ રહે છે. કેસરીસિંહ ઝાલાના લગ્નમાં વડાપ્રધાન મોદીએ પણ હાજરી આપી હતી. એમના કાકા રણજીતસિંહ હાલ ઉંમર ૮૩ વર્ષના છે અને રાજસ્થાનમા રહે છે. બાબુભાઈ દેસાઈ પૂર્વ ધારાસભ્ય છે. તેઓ વર્ષ ૨૦૦૭માં બનાસકાંઠાની કાંકરેજ બેઠક પરથી જીત્યા હતા. આ સિવાય તેઓ વર્ષ ૨૦૧૨થી ગુજરાત પ્રદેશ ભાજપના ગૌ સંવર્ધન સેલના કન્વીનર રહ્યા હતા. બાબુભાઈ દેસાઈ કાંકરેજ તાલુકાના ઉબરી ગામના વતની છે. તેઓએ ઓલ્ડ SSC ઉપરાંત સ્ટેનોગ્રાફીનો અભ્યાસ કર્યો છે.

# લોકસભાની ચૂંટણીમાં જિલ્લામાં પાંચ મતદાન મથકો વધશે

**મતદાન મથકોના પુનઃ ગઠનની દરખાસ્તને આગામી સપ્તાહમાં રાજકીય પક્ષો સાથેની બેઠક બાદ આખરી કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મત વિસ્તારોમાં પાંચ જેટલા મતદાન મથકો વધશે. ગાંધીનગર (ઉ)માં એક મતદાન મથક ઘટે તેવી સંભાવનાઓ વચ્ચે લોકસભાની આગામી ચૂંટણીઓને લઈ તંત્રએ તેની કવાયતને થોડીક ગતિ આપી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મતદાન મથકો અંગે રાજકીય પક્ષોને પ્રાથમિક પ્રસિદ્ધિ કરી અને મોકલી આપ્યા છે. મતદાન મથકો અંગેની દરખાસ્તોને આખરી ઓપ આપતાં પહેલાં આગામી સપ્તાહમાં રાજકીય પક્ષોના આગેવાનો સાથે પરામર્શ બેઠક મતદાન મથકોને લઈ યોજાશે.

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણીઓ અંગેની તૈયારીઓ આરંભી દીધી છે અને તેને પગલે જિલ્લાઓમાં પણ આ અંગેની તૈયારીઓ શરૂ થઈ જવા પામી છે. ૨૧-૭-૨૩ થી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરાવાનું છે. સાથે સાથે હવે મતદાન મથકો પણ ઓગષ્ટના અંત સુધીમાં આખરી કરી દેવામાં આવશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ મતદાન મથકો અંગેની દરખાસ્તો આ મહિનાના અંત સુધીમાં મોકલી આપવા જિલ્લાતંત્રોને સૂચના આપી છે જે નોંધનીય છે.

જિલ્લામાં જે પાંચ મતદાન મથકો વધે છે તેમાં ગાંધીનગર (દ) બેઠક પર ૩ અને કલોલ વિધાનસભા મત વિસ્તારમાં ૨ મતદાન મથકો વધે છે.

મતદારયાદીનો જે પ્રાથમિક મુસદ્દો પ્રસિદ્ધ થયો છે તેને ધ્યાને લઈએ તો ગાંધીનગર (ઉ) વિધાનસભામાં એક મતદાન મથકમાં ઘટાડો થવાની સંભાવનાઓ છે. જો કે મતદારો કેટલા વધ્યા છે તેની ચોક્કસ વિગતો મળી શકી નથી.

ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારમાંથી સ્થળાંતર કરી જનારા મતદારોની સંખ્યા વિશેષ જણાઈ છે. ગાંધીનગર (ઉ) માં મતદારો ઘટવા પાછળ નવા આવાસો તૈયાર કરવા માટે જે મકાનો ખાલી કરાવવામાં આવી રહ્યા છે તેમજ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા કર્મચારીઓ વતનમાં કાયમી વસવાટ કરવા જતા રહ્યા સહિતના કારણો સામે આવી રહ્યા છે.

# સ્માર્ટ સીટી અન્વયે સે-૨૮માં ૨૪ કલાક પાણી સપ્લાયના પ્રોજેકટનુ સફળ પરિક્ષણ કરાયુ

**સેકટરમાં એક પમ્પના આધારે ૩૫૦ જેટલા ઘરોમાં પાણી સપ્લાય કરાયુ : બીજા તબક્કામાં સે-૨૮માં પણ ટેસ્ટીંગ કરાશે : શહેરમાં આગામી માર્ચ મહીના સુધીમાં પાણીનો પ્રોજેક્ટ પુર્ણ કરવાનો લક્ષ્યાંક**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે પાણી ઉપરાંત ગટરની નવી લાઈન પણ નાંખવામાં આવી રહી છે. જયારે પાણીની નવી લાઈન નાંખવા માટે પણ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ છે. ત્યારે આ પ્રોજેકટને અનુલક્ષી સે-૨૯ માં નવી લાઈન નાંખી આ પ્રોજેકટ અંગે પરિક્ષણ પણ કરવામાં આવ્યુ હતુ. જોં કે સફળ પરિક્ષણના અંતે પમ્પીંગ સિસ્ટમથી ચરેડીથી સેકટરના રહીશોના ઘર સુધી પાણી પહોંચતુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. આગામી માર્ચ મહીનામાં આ પ્રોજેકટની કામગીરી પણ પુર્ણ કરવા માટે લક્ષ્યાંક નિયત કરાયો છે.

ગાંધીનગરમાં હાલ સેકટરોમાં છાશવારે પાણીની પોકાર ઉઠે છે. એકયા બીજા કારણોસર પુરતા ફોર્સથી પાણી પહોંચતુ ન હોવાની પોકાર સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ સેકટરોમાં મીટર પધ્ધતિથી ૨૪ કલાક પાણી પુરુ પાડવા માટે નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં પણ ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે આ અન્વયે હાલ જુના સેકટરોમાં મુખ્યલાઈન નાંખી દેવામાં આવી છે. કોમ્પ્યુટરાઈઝડ સ્કાડા સિસ્ટમ અમલી કરવામાં આવશે જે મુજબ દરેક ઘરે મીટર મુકવામાં આવશે આ ઉપરાંત મેઈન લુપ લાઈનમાંથી સેકટરોમાં જોડાણના સ્થળે પણ મીટર લગાવાશે. કેન્દ્ર સરકારની સ્માર્ટ સીટી યોજના હેઠળ માળખાકીય સુવિધા પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવનાર છે. જે અન્વયે ૧૨૦૦ કરોડના ખર્ચ અન્વયે ગાંધીનગરમાં પાણી અને ગટર લાઈનના પ્રોજેકટને અનુલક્ષી ૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે શહેરના સેકટરોમાં મીટર મુકીને ૨૪ કલાક પાણી આપવાની આ યોજના અન્વયે સેકટરોમાં ત્રીજા માળ સુધી પાણી પહોંચતુ કરવા માટે આયોજન કરાયુ છે. આ પ્રોજેકટ પાણી પુરવઠા બોર્ડ સંભાળે છે. હાલ શહેરના ૧૪ થી ૩૦ સેકટરોમાં મુખ્ય લાઈનનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે બીજા તબક્કામાં મીટર મુકવાની સાથે ઘરો સુધીના જોડાણ આપવા કામ હાથ ધરવામાં આવ્યુ છે. બીજીતરફ સે ૧ થ ૧૩ માં પણ રીંગરોડ પર મેઈન લાઈન નાંખવાનુ કામ હાથ ધરાશે. પ્રત્યેક ઘરોમાં મીટર મુકવામાં આવશે. નવા સેકટરોમાં ઘરોના જોડાણમાં પાઈપલાઈનનુ નેટવર્ક બદલાશે નહીં. નવા સેકટરોમાં કેટલાક વર્ષો અગાઉ જ લાઈન અપગ્રેડ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યની ત્રણ નર્સિંગ કોલેજની માન્યતા રદ

અમદાવાદ, તા.૧૭

કેન્દ્ર સરકારે ગુજરાતની ૩ નર્સિંગ કોલેજની માન્યતા રદ કરી છે. નડિયાદની દિનશા પટેલ કોલેજ તેમજ અમદાવાદમાં તક્ષશિલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ કોલેજની તેમજ અમદાવાદ સ્થિત પંચામૃત નર્સિંગ કોલેજની માન્યતા રદ કરી છે. માન્યતા રદ થયેલી કોલેજના વિદ્યાર્થીઓની ડિગ્રી ફક્ત ગુજરાત પુરતી જ માન્ય રહેશે અત્રે જણાવીએ કે, રાજ્ય અથવા દેશ બહાર આ કોલેજની ડિગ્રીનો ઉપયોગ નહી થઈ શકે. આ ત્રણેય કોલેજ હવે માત્ર ગુજરાત સરકાર હસ્તગત જ રહેશે. સંબંધિત વિભાગને તારીખ ૨૬/૦૪/૨૦૨૨ના નિરીક્ષણ રીપોર્ટના અવલોકન આધીન દિનશા પટેલ કોલજમાં કેટલી ખામીઓ સામે આવી હતી.

# ૧૮ થી ૨૦ જુલાઈના વરસાદના પૂર્વાનુમાનને લઈ તંત્ર એલર્ટ મોડ પર

**નદી કિનારાના ૪૦ ગામોને પણ સાવચેત અને સતર્ક રહેવા માટેની સૂચનાઓ અપાઈ**

ગાંધીનગર, તા. ૧૭

૧૮, ૧૯, ૨૦ જુલાઈ દરમ્યાન જિલ્લામાં વરસાદ થવાની હવામાન વિભાગની આગાહીને પગલે જિલ્લાતંત્ર એલર્ટ મોડમાં આવી ગયુ છે. ધરોઈના જળપ્રવાહમાં થઈ રહેલા વધારાને કારણે જિલ્લાના ૪૦ જેટલા ગામોમાં સાવચેત અને સતર્ક રહેવા માટેની ચેતવણી આજે તંત્ર દ્વારા આપવામાં આવી છે.

૧૮મીના રોજ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે જ્યારે ૧૯ અને ૨૦ જુલાઈના રોજ મધ્યમથી ભારે વરસાદ થવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં વરસાદના બે રાઉન્ડ થઈ ચુકયા છે અને જિલ્લામાંથી પસાર થતી ત્રણેય નદીઓ હાલ બે કાંઠે વહી રહી છે. ગાંધીનગરમાં સંત સરોવર પણ ૯૦ ટકા સુધી ભરાઈ જવા પામેલ છે.

જિલ્લામાં વરસાદ આ વખતે બે રાઉન્ડમાં વિક્રમી નોંધાયો છે. જિલ્લામાં ૩૮.૬૫ ટકા જેટલો સિઝનનો વરસાદ નોંધાઈ ચુક્યો છે. જિલ્લામાં થયેલા સારા વરસાદને પગલે નદીઓ અને તળાવોમાં નવા જળની આવક થઈ છે. જિલ્લામાં ભૂગર્ભજળની સપાટીમાં પણ સુધાર જોવા મળી રહ્યો છે.

જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદની આગાહીને પગલે તંત્ર એલર્ટ મોડમાં કામગીરી કરી રહેલ છે. જિલ્લામાં આ વખતે વીજળીઓ પડવાની ઘટનાઓ પણ વધી છે. ૧૨ જેટલા પશુઓના મોત થયા છે તેમજ ૪ જેટલા પશુઓના વીજકરંટ લાગવાથી મોત થયા છે.

જિલ્લામાં આ સિઝનનો સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં એક જ દિવસમાં ૮ ઈંચ કરતાં વધુ નોંધાયો છે જે ઉલ્લેખનીય છે.

તંત્રએ હાલ ૪૦ જેટલા નદી કિનારાના ગામોને સતર્ત અને સાવચેત રહેવા માટેની સૂચનાઓ ધરોઈમાંથી વધી રહેલ જળસપાટીને લઈ આપી દીધેલ છે.



ગાંધીનગરમાં ખીલી ઉઠેલી પ્રકૃતિ અને વરસાદી વાતાવરણ... આ બંનેની જુગલબંધી હોય ત્યારે મોર એકદમ ખુશખુશાલ થઈ જાય છે. ગાંધીનગર શહેરમાં વિહરતા સંખ્યાબંધ મોરને હાલનુ વરસાદી વાતાવરણ ખુબ ગમી રહ્યુ છે અને તેઓ વારંવાર તેના પંખો ફેલાવીને કળા કરે છે અને પોતાના આનંદને વ્યક્ત કરે છે. કળા કરતા મોરના દ્રશ્યો શહેરમાં અવારનવાર જોવા મળી જાય છે.

# બોરીજ-ઈન્દ્રોડામાં ગટર લાઈનનુ બાકી કામ પુર્ણ કરવા માટે આયોજન

**ગ્રામજનોને રાહત : બોરીજના રતનટેકરી વિસ્તારમાં પણ દાયકાથી વધુ સમયના અંતે નવી લાઇન નાંખવામાં આવશે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં પણ ગટર લાઈન જયાં પણ નથી તેવા ઠેકાણે નવી લાઈન નાંખવા માટે આયોજન કરી દેવાયુ છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ અને ઈન્દ્રોડા ગામમાં પણ એક દાયકાથી વધુ સમયના અંતે ગટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવશે. બોરીજના રતનટેકરી વિસ્તારમાં પણ ગટર લાઈનની સુવિધા ઉપલબ્ધ થશે જેના લીધે સ્થાનિકોને પણ રાહત થશે.

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે દાયકાઓના અંતે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં પણ માળખાગત સુવિધાઓ હજુ કેટલાક ઠેકાણે ઉપલબ્ધ નથી તો ઘણાં ઠેકાણે આ સુવિધાઓને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ગાંધીનગરના સ્થાપના સમયથી અસ્તિત્વ ધરાવતા બોરીજ અને ઈન્દ્રોડા ગામમાં કેટલાક વિસ્તારમાં ગટર લાઈનનો અભાવ છે. જયારે આ મામલે વારંવાર રજુઆતો પણ થતી રહી છે. બોરીજના રતનટેકરી વિસ્તારમાં પણ ગટર લાઈનની સુવિધા નથી જો કે હવે એક દોઢ દાયકાના અંતે આ વિસ્તારમાં નવી લાઈન નાંખવા માટે આયોજન કરી દેવાયુ છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ગટર લાઈનના કામને હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. અગાઉ આ મામલે ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરવામાં આવી હતી પરંતુ ટેન્ડર પ્રકીયા અટવાઈ હતી જયારે આ કાર્યયોજના અન્વયે ખાતમુહુર્ત પણ કરી દેવાયુ છે. એજન્સીને કામ સોંપી દેવાતા આગામી દિવસોમાં આ વિસ્તારમાં ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવશે. રતનટેકરી વિસ્તારમાં ૮૦ થી વધુ ઘરોમાં આ કામગીરીના લીધે રાહત થશે. આ ઉપરાંત બોરીજના ખાટ વાસ અને નવાપર વિસ્તારમાં પણ ગટરલાઈનની સુવિધા નથી તેવા વિસ્તારમાં પણ કામગીરી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં એક સપ્તાહથી વરસાદનો વિરામ : આગામી બે દિવસમાં વરસાદની સંભાવના

**જુલાઇના અંત સુધીમાં સૌરાષ્ટ્ર, કચ્છ સહીત મધ્ય ગુજરાતમાં વરસાદ આવશે : અંબાલાલ પટેલ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી વરસાદે વિરામ લીધો છે. વરસાદની ગેરહાજરી વચ્ચે દિવસ દરમિયાન નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાનમાં ૨ ડીગ્રીનો ઘટાડો થયો હતો પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ હોવાના લીધે નગરજનોએ અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો. આગામી બે ત્રણ દિવસમાં ગાંધીનગર અમદાવાદમાં વરસાદ પડવાની સંભાવના છે. જયારે જુલાઇ મહીનાના અંત સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છ સહીતના વિસ્તારમાં પણ વરસાદ થશે તેમ પણ જાણીતા હવામાન શાસ્ત્રીએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાએ વિરામ લીધો છે. છેલ્લા પાંચ સાત દિવસથી કયારેક કયારેક આકાશમાં વરસાદી વાદળો ગોરંભાય છે. પરંતુ દિવસના સુર્યપ્રકાશની હાજરી વચ્ચે વરસાદી વાદળો પણ વિખેરાઈ જતા વરસાદ હાથતાળી આપી જાય છે. જયારે બીજીતરફ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સતત વધારે રહેતુ હોવાના લીધે નગરજનો અસહ્ય ઉકળાટ વેઠી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી રહ્યુ હતુ જો કે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨ ડીગ્રી નીચે ઉતર્યો હતો પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનોએ દિવસે અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૭૨ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત સિઝનનો ૫૦ ટકા વરસાદ થઈ ગયો છે. જયારે વરસાદી મોસમના લીધે એકબાજુ સેકટરવાસીઓ પણ દુવિધાઓથી પરેશાન છે. સેકટરોમાં ઠેર ઠેર ગંદકીના દ્રશ્યો જોવા મળે છે. કોમન પ્લોટ અને ફુટપાથને સમાંતર જગ્યામાં બિનજરૂરી ઘાસ અને વનસ્પિત પણ ઉગી નિકળતા સેકટરોમાં જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. જયારે વરસાદી પાણીના ભરાવાના અંતે ઠેર ઠેર મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા છે. સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ જુલાઇ મહીનાના અંત સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં સારો વરસાદ પડશે. આગામી તા ૨૦ જુલાઈથી સુર્ય પુષ્ય નક્ષત્રમાં આવશે. જયારે પુનર્વસુ નક્ષત્રમાં વરસાદ સારો પડવાની સંભાવના છે. જયારે પુષ્ય નક્ષત્રમાં પણ સારો વરસાદ પડશે. આ નક્ષત્રમાં વરસાદનુ પાણી ખેતી માટે પણ સારુ ગણાય છે. તા ૧૭ થી ૨૦ જુલાઈ મુંબઈ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. તા ૧૯ અને ૨૦ માં મધ્ય ગુજરાત અને અમદાવાદના ભાગો પૈકી કેટલાક વિસ્તારમાં સારો વરસાદ થશે. જુલાઈમાં તા ૨૩ થી ૨૬ અને તા ૨૮ જુલાઈથી ૩ ઓગષ્ટ સુધીમાં ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

# રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ પર કોંગ્રેસનો આરોપ

**વિદ્યાર્થીઓને નવાના નામે જૂના પુસ્તકો પધરાવ્યા**

અમદાવાદ, તા.૧૭

રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ પર કોંગ્રેસે સૌથી મોટો આરોપ લગાવતા હડકંપ મચ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે આક્ષેપ કર્યો છે કે રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને નવાના નામે જૂના પાઠ્ય પુસ્તકો પધરાવી દેવામાં આવ્યા છે. પાઠ્ય પુસ્તક મંડળ જૂના પુસ્તકો વેચી ગોડાઉન ખાલી કરી રહ્યુ છે. ગુજરાત કોંગ્રેસે માગ કરી છે કે વિદ્યાર્થીઓને વિનામૂલ્યે જૂના પુસ્તકો બદલી નવા આપવામાં આવે. હેમાંગ રાવલે આક્ષેપ કર્યો છે કે રાજ્યના ૮ હજાર વિતરકોને પણ જૂના કોર્સના પુસ્તકો વેચવામાં આવ્યા છે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

OFFICE ON SELL
Full furnished with Cabins, Working Tables, inside Toilet, A.C.s, Computers etc. Ready to Start I.T. Line, Classes etc.
at Infocity, Super Mall-I, 675 Sq. Feets
M : 7435905262

રક્તદાન મહાદાન

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com